GJSK040042922025 **ફો.પ.અ.નં.૩૦૯/૨૦૨૫**

**અરજદાર–હર્ષદભાઈ કેશાભાઈ પટેલની બેન્કમાં ફ્રીજ થયેલ રકમ મુકત/રીફંડ કરવા બી.એન. એસ.એસ.કલમ–૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી લગત હુકમ :–**

.................................................................................................

**૧)** હાલની અરજીના અરજદાર હર્ષદભાઈ કેશાભાઇ પટેલનાઓએ સાયબર ફ્રોડની ફરીયાદ મુજબ તેઓની બેંક,એચડીએફસી બેંકના ખાતા નં.–16991050003480 માંથી કુલ રૂા.20,000/–સામાવાળાની બેંક HDFC Bank ખાતા નં.89050051 માં ગયેલ રૂા.20,000/–જે અરજદાર ધ્વારા બી.એન.એસ. એસ.કલમ–૧૦૬ મુજબ ફ્રીજ કરાવેલ જે હાલ સુધી બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને અરજદારને તેના ઉપડી ગયેલ નાણા પરત મળેલ નથી.આ બાબતે એફ.આઇ.આર થયેલ નથી જેથી અરજદારને મોટુ આર્થીક નુકશાન થયેલ છે. અરજદારે ઉપરોકત રકમ મેળવવા હાલની અરજી કરેલ છે અને તેઓની અરજીના સમર્થનમાં માર્ક–૩/૧ થી ૩/૪ સુધી દસ્તાવેજી કાગળો રજુ કરેલ છે.જે ઓનલાઇન નોંધાવેલ ફરીયાદની નકલ, બેંક પાસબુક, બેંક સ્ટેટમેંટ, આધારકાર્ડ, પાનકાર્ડની નકલ સામેલ રાખેલ છે.

**૨)** સદરહું અરજી આવતા તપાસ કરનાર અમલદારને અભિપ્રાય રજુ કરવા યાદી કરેલ જે અન્વયે તેઓ ધ્વારા આંક–૪થી અભિપ્રાય રજુ રાખી એવી હકીકત જણાવેલ છે કે,સામાવાળાની બેંક HDFC Bank ખાતા નં.89050051 માં ગયેલ રૂા.20,000/–બી.એન.એસ.એસ.ની કલમ –૧૦૬ મુજબ ફ્રિજ કરાવેલ છે જેમાંથી રૂપિયા પરત આપવાનો અભિપ્રાય થાય છે તેમજ સદરહું ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ સમક્ષ કોઇ વાંધા તકરાર લીધેલ નથી અને સદરહું ગુના બાબતે એફ.આઇ.આર નોંધાયેલ નથી.

**૩)** સદરહું મુદામાલ સંબંધે અરજદાર સીવાય અન્ય કોઇ વ્યકિતએ કલેઇમ કરેલ

નથી તેમજ મુદામાલ રોકડ રકમ જો વધુ સમય બીનવપરાશી બેંક ખાતામાં પડી રહે તો અરજદારને આર્થીક નુકશાન સહન કરવુ પડે તેમ છે સદરહું ગુના બાબતે કોઇ એફ.આઇ.આર નોંધાયેલ નથી અને ત.ક.અ.શ્રીનો અભિપ્રાય વંચાણે લેતા અરજદારની રકમ સામાવાળાની બેંક HDFC Bank ખાતા નં.89050051 માં ગયેલ રૂા.20,000/-બી.એન.એસ.એસની કલમ-૧૦૬ મુજબ ફ્રિજ કરાવેલ છે જેથી અરજદારને મુદામાલ રોકડ રકમ નીચેની શરતોને આધીન અરજદારને સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે.

(૪) આમ ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકતો,સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં સદર નાણાં બેંકમાં જમા હોય તેથી સદર રોકડ રકમ દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી તેમજ ભવિષ્યે પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઇ તકરાર કે પ્રશ્ન ઉપસ્થીત થાય તેમ નથી.વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ.ગુજરાત રાજય,૨૦૦૩(૧)જી. એલ.એચ.પાના નંબર-૩૦૭ના ચુકાદમાં પ્રસ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લેતાં પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવાપાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની અરજી બી.એન.એસ.એસ.કલમ-૪૯૭ અને ૫૦૩ હેઠળ આથી મંજુર કરવામાં આવે છે.

ત.ક.અ.ને ઓનલાઇન અરજી નંબર-31110250217981ના કામે અરજદારના એચડીએફસી બેંકના ખાતા નં.-16991050003480 માંથી કુલ રૂા.20,000/-સામાવાળાની ઉપરોકત એચડીએફસી બેંકએ બી.એન.એસ. એસ.ની કલમ ૧૦૬ મુજબ ફ્રિજ કરાવેલ છે તે રૂપિયા અરજદાર તથા તેમની ફ્રિઝ થયેલી રકમ ખરાઇ કરી અરજદારના ખાતામાં નીચેની શરતોને આધીન જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો**

(૧) અરજદારે ઇડર પોલીસ સ્ટેશન સમક્ષ ફ્રીજ થયેલ રકમ મુજબના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાતજામીન રજુ કરવા.

(૨) ઇડર પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી આ હુકમની જાણ લગત બેંક નાઓને કરવી અને લગત પોલીસ સ્ટેશન ધ્વારા ઇંટીમેશન મળ્યેથી બધી બેંકોએ રૂા.20,000/-(અંકે રૂપીયા વીસ હજાર પુરા) અરજદારની બેંક, એચડીએફસી બેંકના ખાતા નં.-16991050003480(IFSC-HDFC0001699)માં જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) લગત બેંક સતાવાળા ધ્વારા અરજદારના બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કર્યા બાદ તે બાબતનો કોમ્લાયન્સ રીપોર્ટ લગત પોલીસ સ્ટેશન અને અત્રેની કોર્ટને કરવો.

(૪) અરજદારે મુદામાલ રકમ બાબતે અન્ય કોઇ વ્યકતી કલેઇમ કરે અને આ રકમ તેની છે તેઓ સાબીત કરે અને કોર્ટ ધ્વારા તે રકમ પરત કરવાનો હુકમ કરવામાં આવ્યેથી રકમ ચુકવવાની રહેશે.

આ હુકમ આજરોજ તા.૨૭મી,મે-૨૦૨૬ના રોજ વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ: ઇડર
તા.૨૭/૦૫/૨૦૨૬

**( ર્ડા.સ્તુતી.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જયુડી. મેજી.મુ.ઇડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

**//R.N.P.//**